ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G

# જગતનો તાત તૈયાર છે, પધારો મેઘરાજા હવે તમારી જ રાહ છે

## પાણી વગર મોંઘા બિયારણ નાશ પામ્યા, પશુઓના ઘાસચારાની પણ ચિંતા



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

ગાંધીનગર, તા.૫

નબળા ચોમાસાના સંકેત મળી રહ્યા છે ત્યારે જગતનો તાત ચિંતીત બન્યો છે. ચોમાસુ ખેતી માટે પોતાના ખેતરોને પૂર્ણ રીતે તૈયાર કરી આવનાર ખેડૂત વર્ગની હાલત વરસાદ ન થતાં કફોડી બની છે. મોંઘા બિયારણ પણ નિષ્ફળ જઈ રહ્યા છે તો પશુઓના ઘાસચારાની પણ ચિંતા ખેડૂતોને સતાવી રહી છે. ફકત ખેતી ઉપર નભતા પરિવારો હજુ સુધી વરસાદ ન થતાં કારમી મોંઘવારીમાં જીવન જીવવું કઠીન થઈ પડશે તેવી દહેશત વ્યકત કરી રહ્યા છે.



સમગ્ર રાજયમાં મેઘરાજાએ રીસામણા લીધા છે જેની સીધી અસર ખેડૂત વર્ગ અને ઢોર ઢાંખર ઉપર વધુ પડી છે. ચોમાસામાં વિપુલ પ્રમાણમાં અનાજ ઉત્પાદનની અપેક્ષા સેવતો ખેડુત વર્ગ ખેતીની જમીનને સજાવી ધજાવીને તૈયાર કરી રાખી છે. જેમાં જમીનનું ખેડ, ચાસ પાડવા, વરસાદી પાણીનો સંગ્રહ અને મોંઘા બિયારણનું વાવેતર કરી રાખ્યું છે. કાળઝાળ ગરમીમાં પણ પોતાની ખેત જમીન વરસાદી પાણી થકી તરબોળ બને તે હેતુતી દિવસ-રાત જોયા વગર કાળી મજુરી કરી વરસાદના આગમનની રાહ જોવાઈ રહી છે. પરંતુ હજુ સુધી વરસાદના કોઈ એંધાણ ન વર્તાતા ખેડુત વર્ગ ભારે નિરાશામાં સરી પડયો છે.

પાણી વગર મોંઘા બિયારણ નિષ્ફળ જઈ રહ્યા છે અને કરેલી મહેનત વ્યર્થ જઈ રહી છે તો બીજી તરફ ઘરે બાંધેલા દુધાળા પશુઓના વર્ષ દરમિયાનના ઘાસચારાની પણ વ્યવસ્થા અશકય બનતા ખેડુત વર્ગની દુર્દશા થવા પામી છે. રાજયભરમાં મગફળી, કપાસ તથા ડાંગર વગેરે ચોમાસુ પાક નિષ્ફળ જવાની શકયતાઓથી તેની આગામી સમયમાં વિપરીત અસરો અન્ય ઠેકાણે પડવાની છે. સરકાર તરફથી વિજળી આપી સિંચાઈ કરવાના અભિગમમાં પણ સરવાળે ખેતીમાંથી વળતર નહીવત મળવાના સંજોગો સર્જાય છે જેથી તે પણ પરવડે તેવું નથી.

ખરીફ વાવેતરની કામગીરીનો સમયગાળો શરુ થઈ ચુકયો છે. પરંતુ ચોમાસું સમયસર શરુ ન થતાં વાવેતરમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. અનાજ, કઠોળ અને તેલિબિયાનાં વાવેતરમાં લગભગ ૭૫ ટકા જેટલો ઘટાડો થયો હોવાનું ખેડુત વર્ગ જણાવી રહ્યો છે. સુકી ભઠ્ઠ ખેત જમીનો હવે પાણી પાણીના પોકાર કરી રહી છે ત્યારે મેઘરાજા મહેર કરે તેવી ખેડૂતો સાથે સૌ પ્રાર્થના કરી રહ્યા છે.

# ૧૦૦ દિવસમાં ૩૫૦૦ શૌચાલયોનું નિર્માણ કરાશે

ગાંધીનગર, તા. ૫

ગતિશીલ ગુજરાત અંતર્ગત ૧૦૦ દિવસમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ૩૫૦૦ શૌચાલયો નિર્મળ ભારત અભિયાન અંતર્ગત બનાવવામાં આવશે.

ગ્રામ વિકાસ એજન્સીએ આ લક્ષ્યાંક માટે વિશેષ વ્યુહરચના પણ તૈયાર કરી દીધી છે. એજન્સીએ આ માટે દરેક તાલુકાને અલગ-અલગ લક્ષ્યાંકો ફાળવી અને તેના અસરકારક મોનીટરીંગ માટે લાયઝન ઓફિસરોની પણ નિયુક્તી કરી છે.

મળતી વિગતો પ્રમાણે ગ્રામ વિકાસ એજન્સીએ જિલ્લાની જે ૯૭ ગ્રામ પંચાયતોમાં મહિલા સરપંચો છે તે ગામોમાં આ શૌચાલય નિર્માણને અગ્રતા આપવાનો નિર્ણય લીધો છે. જે લક્ષ્યાંકોની ફાળવણી કરી છે તેમાં ગાંધીનગર અને કલોલમાં ૭૫૦-૭૫૦ શૌચાલયો બનાવાશે, જ્યારે દહેગામ અને માણસામાં ૧૦૦૦-૧૦૦૦ શૌચાલયો નિર્માણ કરવામાં આવશે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીએ આ લક્ષ્યાંકની સિદ્ધિ માટે તાલુકાવાર સરપંચો સાથે બેઠક યોજી અને નિયમિત મોનીટરીંગનો અભિગમ અપનાવ્યો છે. દર સપ્તાહે લક્ષ્યાંક સંદર્ભે થયેલ કામગીરીની સમીક્ષા પણ કરવામાં આવનાર છે.

જિલ્લા કલેક્ટર શ્રી ડૉ. સ્વરૂપ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિક્ટર મેકવાને આ માટે એ.ટી.વી.ટી.ના કલસ્ટર અધિકારીઓ સાથે બેઠક કરી તેમને ખાતા અમલીકરણ માટે લાયઝન અધિકારી તરીકે નિયુક્ત કર્યા છે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા આયોજન આખરી કરી દેવામાં આવ્યું છે. આ દિવસો દરમ્યાન બીજી ત્રણ હજારથી પણ વધુ શૌચાલયોના નિર્માણની વહીવટીય મંજૂરી પણ આપી દેવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

મળતા નિર્દેશ મુજબ ૧૩૮ જેટલા ગામોમાં ભૂગર્ભ ગટરના કામો માટેની પણ વહીવટીય મંજૂરી આ લક્ષ્યાંક અંતર્ગત આપવાનું આયોજન છે.



રીમઝીમ રીમઝીમ વરસાદમાં ગરમાગરમ મકાઈ ડોડા અને મગફળી ખાવાની મજા જ કંઈક ઓર હોય છે. ચોમાસાની વિધિવત શરૂઆત થઈ ગઈ છે પરંતુ મેઘરાજાના રીસામણા શમ્યા નથી. ચોમાસુ સિઝનમાં મકાઈ-મગફળીના વેચાણથી પેટીયુ રળતા ફેરીયા માર્ગ ઉપર દશ્યમાન થયા છે અને નાગરીકોએ પણ મકાઈ-મગફળીની ખરીદી કરે છે પરંતુ આ મકાઈ-મગફળીનો સ્વાદ વરસાદના આગમન વગર ફિક્કો લાગી રહ્યો છે.

(તસવીર - ધર્મેન્દ્ર મહેતા)

# મંત્ર શકિત અને વૈજ્ઞાનિક તત્વો એકબીજાને સ્પર્શે છે

## પુષ્કર વિમાનની મંત્રશકિતને લઈ વિજ્ઞાને એરોપ્લેન ઉડાવ્યું : મંત્રશકિતથી લાઈટનો બલ્બ જબકે તેમ રોગ ખતમ થઈ જાય છે : સ્વામી વૈરાગ્યનંદગીરી મહારાજ

ગાંધીનગર, તા.૫

દૈવિક શકિતઓ વૈજ્ઞાનિક તત્વોથી પણ એકબીજાની શકિતને સ્પર્શે છે. મંત્રશકિતનું મહત્વ દર્શાવતા દાખલાઓ ઋષિમુનિઓના કાળમાં પણ વિશેષરૂપે ધ્યાને આવ્યા છે. મંત્રશકિતમાં ગજબની તાકાત હોય છે. જેનાથી રોગ પણ મટી શકે છે. મંત્રશકિતથી લાઈટનો બલ્બ જેમ જબકે તેમ શરીરમાંથી રોગ ખતમ થઈ જાય છે! મંત્રના માધ્યમથી ચમત્કારિક અને અસરકારક પરિણામ મળે છે તેમ શ્રી વૈરાગ્યનંદગીરી મહરાજે જણાવ્યું છે. આસ્થા હૈ તો રાસ્તા હૈ...મુખ્ય વાત હોવાનું જણાવતા વૈરાગ્યનંદજીના મતે મહામૃત્યુંજય વૈદિક પ્રમાણભૂત મંત્ર છે. વિધિ વિધાનથી તેના જપ કરવામાં આવે તો સમસ્યામાંથી ચોકકસ મુકત થઈ શકાય છે.



ગાંધીનગરમાં મંત્રશકિતના માધ્યમથી ભાવિકોની શારિરીક પીડા દૂર કરવા પંચાયતી નિરંજની અખાડાના સંત સ્વામી વૈરાગ્યનંદજી મહારાજ દ્વારા ભાવિકોને માર્ગદર્શન પુરું પાડવા રવિવારે સવારે ૯.૩૦ કલાકે ગાયત્રી મંદિર ખાતે એક કેમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું છે. સ્વામી વૈરાગ્યનંદજીના જણાવ્યા મુજબ મંત્રશકિતથી લકવા, પથરી, ટયુમર અને હાથ પગના દુખાના સહીતના દર્દો મટી જાય છે. સંતપુરુષને પગે લાગવાથી ઉર્જાશકિત પ્રાપ્ત થાય છે જયારે દૈવિક શકિતઓ વૈજ્ઞાનિક તત્વોથી પણ એકબીજાની શકિતને સ્પર્શે છે. મંત્ર શકિતથી લાઈટનો બલ્બ જબકારો મારે તેમ રોગ પણ ભાગી જાય છે. ભારતના શ્રેષ્ઠ ઋષિ માર્કંડે જયારે સમસ્યામાં આવ્યા ત્યારે શારિરીક પીડા ઉભી થઈ હતી અચાનક લકવાની અસર થઈ હતી. આકાશમાં પ્રવર્તેલી આસુરી શકિત પણ અસર કરે છે. દુર્ગા સરસ્વતીના પુસ્તકમાં પણ મંત્રશકિતથી રોગ મટે તેનું વૈદિક પ્રમાણ છે. મહામૃત્યુંજય મંત્રથી મૃત્યુ નજીક આવ્યું હોય તો પણ જીવી શકાય છે અને કોઈ પણ રોગમાં પણ ફાયદો થાય છે. પહેલા સંતો સાધના કરતા હતા. ઋષિઓ ઔષધિની ખોજ કરતા હતા. ઔષધિથી લક્ષ્મણજી મૂર્છીત અવસ્થામાંથી ઉભા થયા હતા. ડૉકટર દવા આપે છે જયારે ઋષિની ઔષધિ અને દુવા બંને કામ લાગે છે. હાલ પૃથ્વી પર વનસ્પતિ નથી પાણીમાં જે તત્વો હતા તે પણ રોગીત થયા છે. સ્વામીના જણાવ્યા મુજબ મંત્રશકિતના પ્રભાવથી મિર્ચિયજ્ઞમાં પણ ભસ આવતી નથી. પુષ્કર વિમાનની મંત્ર શકિતને લઈ વિજ્ઞાને એરોપ્લેન ઉડાવ્યું છે. આસ્થા હૈ તો રાસ્તા હૈ...!!

# ગુજરાતને ૨૫ ટકા સસ્તી વીજળી આપવા કેન્દ્ર સમક્ષ રજૂઆત

## સીઈઆરસી દ્વારા મંત્રીને લેખિત રજુઆત કરાઈ : કોલ ઈન્ડિયા લિમિટેડ દ્વારા ગેરરીતિ બંધ કરવામાં આવે તો ફાયદો થઈ શકે છે તેવી ગોયલ સમક્ષ રજૂઆત કરાઈ

અમદાવાદ, તા.૫

વીજળી ક્ષેત્રે દેશમાં મોખરાનું સ્થાન ધરાવતા ગુજરાત રાજ્યને કેન્દ્ર સરકાર હસ્તકની કોલ ઈન્ડિયા લીમીટેડ કોલસો સપ્લાય કરવામાં ગેરરીતિ આચરતી હોવાના કારણે રાજ્યના નાગરીકોનો વિજળી ૨૫ ટકા મોંઘી પડે છે. જો કોલ ઈન્ડિયા લીમીટેડ દ્વારા ગેરરીતિ બંધ થાય તો ગુજરાતને ૨૫ ટકા સસ્તી વીજળી પ્રાપ્ત થાય તેવી સીઈઆરસી દ્વારા વીજળી અને કોલસા પ્રધાન વિજય ગોયલને કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# જાહેર નોટીસ

ગાંધીનગર મે. એડી. ડીસ્ટ્રીક્ટ જજ સાહેબની કોર્ટમાં, મુ. ગાંધીનગર

**અરજદારના વ. શ્રી વી. એમ. ચાવડા**

દિવાની પરચુ.અરજી નં. ૯૪/૨૦૧૪

આંક : ૫

**અરજદાર :** કાળીબેન તે રમણભાઈ કેશાજી ઠાકોરના વિધવા પત્ની રહે. કડાદરા, તા. દહેગામ, જી. ગાંધીનગર

વિરૂદ્ધ

**સામાવાળા :** ---------

**વિષય :** ગાર્ડીયન એન્ડ વૉર્ડઝ એક્ટ ક.૧૦ વાલી નીમવા તથા વેચાણ માટેની પરવાનગી મેળવવા બાબતે અરજ...

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ નોટીસથી જણાવવાનું કે, અરજદાર ઉપરોક્ત સરનામે રહે છે. અરજદારના પતિ નામે ઠાકોર રમણભાઈ કેશાજીનું તા. ૩૧/૧/૨૦૧૧ના રોજ અવસાન થયેલ છે. તેમના વારસદારમાં અરજદાર પોતે તથા (૧) પુત્ર નામે અનીલ રમણભાઈ ઠાકોર અને (૨) પુત્ર નામે નરેશ રમણભાઈ ઠાકોર નં. (૩) પુત્ર જગદીશ રમણભાઈ ઠાકોર હોઈ અને અરજદાર હાલમાં તેના કુદરતી વાલી તથા ઈષ્ટ મિત્ર છે. અરજદારે નામદાર કોર્ટ સમક્ષ અરજદારના પતિનું અવસાન થયેલ હોઈ દહેગામ તાલુકાના મોજે કડાદરા ગામની સીમમાં આવેલી જમેન જેનો બ્લોક/સર્ને નં. ૨૪૫ જેનો જુનો સર્વે નં. ૨૩૩ ખાતા નં. ૬૦૧ આકાર રૂપિયા ૫.૫૦ પૈસા વાળી પોત ખરાબા સહિતની કુલ ૧-૧૪-૭૫ હે.આરે.ચો.મી.ના ક્ષેત્રફળ વાળી જમીનમાં સગીર નરેશ રમણભાઈ તથા જગદીશ રમણભાઈ હિસ્સો હોઈ સગીરના વાલી તરીકે નિમણુંક મેળવવા અને વેચાણ માટેની પરવાનગીનો હુકમ મેળવવા હાલની અરજી કરેલ છે.

આથી અરજદારને સગીરના વાલી તરીકે નીમવા તથા વેચાણ કરવા માટેની પરવાનગી આપવા સામે કોઈપણ ઈસમને કોઈપણ જાતનો વાંધો તકરાર હરકત હોય તેમણે અત્રેની કોર્ટમાં તા. ૫/૮/૨૦૧૪ સવારના કલાક ૧૧-૦૦ વાગે જાતે અગર તમારા માહિતગાર કરેલ વકીલશ્રી મારફત હાજરથઈ તમારા વાંધા રજૂ કરવા. જો તેમ કરવામાં કસુર કરશો તો આગળની ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તારીખ : ૪થી, માહે : જુલાઈ સને : ૨૦૧૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

| તૈયાર કરનાર | | મુકાબલ કરનાર | હુકમથી |
|---|---|---|---|
| સહી/- | | સહી/- | સહી/- |
| (એમ. એમ. ચાવડા) | | (એમ.પી. ગોસાઈ) | (પી. એમ. પ્રધાન) |
| આસીસ્ટન્ટ | કોર્ટનો સિક્કો | સુપ્રિન્ટેન્ડેન્ટ | ડેપ્યુટી રજીસ્ટ્રાર |
| સીવીલ શાખા | | સીવીલ શાખા | સીવીલ શાખા |
| ડીસ્ટ્રીક્ટ કોર્ટ | | ડીસ્ટ્રીક્ટ કોર્ટ | ડીસ્ટ્રીક્ટ કોર્ટ, |
| ગાંધીનગર | | ગાંધીનગર | ગાંધીનગર |

# બેસણું



અમારા માતુશ્રી **લલિતાબેન ભીખાભાઈ પ્રજાપતિનું** તા. ૩/૭/૨૦૧૪ને ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૭/૭/૨૦૧૪ને સોમવારના રોજ સવારે** ૮-૦૦ થી ૧-૦૦ દરમિયાન રાખેલ છે.

સ્થળ : પ્રજાપતિ વાસ, મુ. કુડાસણ, તા.જી. ગાંધીનગર

લિ.

**વિષ્ણુભાઈ ભીખાભાઈ પ્રજાપતિ (પુત્ર)**

**કનુભાઈ ભીખાભાઈ પ્રજાપતિ (પુત્ર)**

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સમયે અને સ્થળે રાખેલ છે.

લિ. ગુણવંતલાલ પરષોત્તમદાસ પ્રજાપતિ

**રક્તદાન-મહાદાન**
**ચક્ષુદાન-શ્રેષ્ઠદાન**

# લગ્નગ્રંથીથી જોડાયેલ છે



અમો નીચે સહી કરનાર હિન્દુ શાસ્ત્રોક્ત વિધિથી તા. ૨/૬/૨૦૧૪ના રોજ રાજીખુશીથી લગ્નગ્રંથીથી જોડાયેલ છીએ.

**પટેલ રસિકકુમાર બાબુભાઈ (ધનસુરા)**
**ભીમાની વર્ષાબેન નરસિંહભાઈ (દહેગામ)**

# અનુસુચિત જાતિ માટે જોઈએ છે

**શ્રી શક્તિ કૃપા કુમાર છાત્રાલય માટે ગ્રેજ્યુએટ ગૃહપતિ તથા રસોઈયા. અનુભવીએ અરજી કરવી.**

**શ્રી શક્તિકૃપા સર્વોદય સેવા સંઘ**

કલોલ પૂર્વ, નારાણભાઈ સદાભાઈ રોડ, જુની પાણીની ટાંકી પાસે, સૂર્યનગર. ચામુંડા સિવણ વર્ગ (કલોલ પૂર્વ)
મો. : ૯૯૨૫૦ ૬૪૦૧૮, ૯૪૨૬૦ ૮૪૫૫૨

# આજે ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીની જન્મ જયંતિ

ગાંધીનગર, તા. ૫

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ આવતીકાલ રવિવાર તા. ૬ જુલાઈ ૨૦૧૪ના ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીની ૧૧૪મી જન્મજયંતિએ ગુજરાત વિધાનસભામાં તેમના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરશે.


Sample House Ready...
Turns the tune of your life style
2 & 3 BHK living space and shops
શિવાલય RESIDENCY



Site : SHIVALAY RESIDENCY, Reliance Infocity Road, Nr.Pramukh Arcade, Kudasan, Gandhinagar.
Project by :
S. R. Infrastructure
Exclusive Sales Partner :
The Property Shop
Call : 98980 29451
76000 99959
97236 71067



SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
TATA
STEEL • PIPES • SHEETS
VINAYAK 500
TMT BARS - ISI
BENELAVE
BATH FITTINGS
DR.FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com